અપીલ અરજી નં.૩૮૯, તા.૯–૩–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ

સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.ર–ર–૦૯ ની અરજીથી વોર્ડ નં.પ/૧૯ર૬ ની બાજુમાં ચાલતાં નવાં બાંધકામ પાટિદાર ભવન પાસે રામપુરા મેઈનરોડ બાબતે પ્લાન પાસ, કોના નામે, કેટલા માળનું, ગેરકાયદેસર બાંધકામ કેટલું, પાર્કીગ જગ્યા છોડી છે ખરી? અને કેટલી, આર્કીટેકના નામ અને સરનામાં, તેનું ચેકીંગ કયા અધિકારીએ કઈ તારીખે કર્યુ વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૯–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૮૯/ર૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.ર–ર–૦૯ ની અરજીથી વોર્ડ નં.પ/૧૯ર૬ ની બાજુમાં ચાલતાં નવાં બાંધકામ પાટિદાર ભવન પાસે રામપુરા મેઈનરોડ બાબતેપ્લાન પાસ, કોના નામે, કેટલા માળનું, ગેરકાયદેસર બાંધકામ કેટલું, પાર્કીગ જગ્યા છોડી છે ખરી? અને કેટલી, આર્કીટેકના નામ અને સરનામાં, તેનું ચેકીંગ કયા અધિકારીએ કઈ તારીખે કર્યુ વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/૧૪૬૯ તા.રપ–ર–૦૯થી આપેલ જવાબ આપના તરફથી ચોકકસ મિલ્કત નંબર જણાવ્યેથી અત્રેથી માહિતી આપી શકાશે તેવા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્ પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧ર૪ર તા.૧૮–૩–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. અરજદારે પણ કલમ–૧૯(૧) તથા નિયમ–૬ ની જોગવાઈઓ જોતાં ચોકકસ માહિતી માંગવાની બાબત પર ભાર મુકાયેલ છે અને તેવી સ્પષ્ટ વિગતો અપીલમાં આપવાની રહે છે. પરંતુ નિર્દિષ્ટ મિલકત જેને માટે માહિતી જોઈએ છે તે પૂરી પાડેલ જણાતી નથી.

અરજદારની તા.ર–ર–૦૯ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ નથી અને અરજદારને ચોકકસ મિલ્કત નંબર જણાવ્યેથી માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેવો પ્રત્યુત્તર સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૪૬૯ તા.રપ–ર–૦૯ થી પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે વિસ્તાર તેમજ બાજુનો નોંધ નંબર સહિત લખીને આપવા છતાં ગેરમાર્ગે દોરવાની કોશિશ કરી છે જે માટે જવાબ આપનાર અધિકારી પર આરટીઆઈ એકટ હેઠળ પગલા લેવા રજૂઆત કરેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–૪(૧) (સી) અને (ડી) લોકોને અસરકર્તા નિર્ણયો જાહેર કરતી વખતે જાહેર સત્તા મંડળે સંબધિત તમામ હકીકતો પ્રસિધ્ધ કરવાની રહે છે. વહીવટી તથા અર્ધ અદાલતી નિર્ણયો માટે કારણો આપવા જોઈશે. તેવી જોગવાઈ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજી કે અપીલના તબકકે તેના અમલી કરણની કોઈ વિગતો પુરી પાડેલ નથી કે માહિતીના ઈન્કાર માટે કલમ ૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી. વધુમાં દેખરેખ અને નિયંત્રણ સત્તાની કક્ષાએ તેવી બાબતોની દફતર નિભાવણી કરવાની રહે છે. કાયદાની કલમ–રપ હેઠળ તેનું હાર્દ અને જોગવાઈના અમલીકરણ પરત્વે પણ ભાર મુકાયેલ છે. તે ધ્યાને લેતાં ઉપલબ્ધ દફતર પરથી માંગેલ માહિતી આપી શકાય.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તેમની તા. ર–ર–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે કલમ–૪(૧) (સી) અને (ડી) ની જોગવાઈને અનુસરી નિર્દિષ્ટ વિસ્તારના બાંધકામ મંજુરી તથા નિયંત્રણને લગતાં દફતર નિભાવણીની વિગતો પરથી જરૂર જણાયે અરજદારને ઈન્સ્પેકશન પુરું પાડી અરજદારની મુળ અરજીઓના પરિપ્રેક્ષ્યમાં અત્રેની જાણ હેઠળ કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે માહિતી પુરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

અરજદારની અપીલના તબકકે જવાબદાર અધિકારી સામે આરટીઆઈ કાયદા હેઠળ પગલા લેવા બાબતની સત્તા કલમ–ર૦ હેઠળ નામદાર રાજય માહિતી આયોગ ગાંધીનગરને હોઈ અત્રેની તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ... જાણ તથા અમલ માટે
(ર) શ્રી ગુલામભાઈ મેમણ